## પ્રાંતિજ ખાતે મોદી સમાજ દ્વારા સુવર્ણ જયંતિની ઉજવણી કરી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજ દ્વારા સમાજ ના મંડળ ને ૫૦ વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતિ ની ઉજવણી કરવામા આવી હતી જેમા સમાજ ના ભાઈબહેનો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજ દ્વારા મોદી સમાજ મંડળની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતા સમાજ દ્વારા સુવર્ણ જયંતિ ની ઉજવણી કરવામા આવી હતી જેમા સમાજ ના બાળકો માટે રમતોત્સવ ની જુદીજુદી જુની ભુલી ગવાયેલી ગેમો રમતો નુ આયોજન કરવામા આવ્યુ હતુ અને ગેમમા વિજેતા થનાર ને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો તાજેતરમાંજ ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા નું પરિણામ જાહેર થતા સમાજ દ્વારા સમાજ ના વિધાર્થીઓ ની કારકિર્દી માટે તથા વિધાર્થીઓને વાલીઓને સચોટ સાચુ માર્ગદર્શન મળી રહે તે માટે સમાજ નાજ હસમુખભાઈ મોદી સહિત તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ તો સમાજ નો કોઈ પણ વ્યકિત સરકાર શ્રી ની વિવિધ સેવાઓ તથા લાભોથી વંચિત ના રહી જાય તેમાટે એક જ સ્થળે તમામ સેવાઓ સી.એચ.સી કેન્દ્ર ના સહયોગ થી ઉપલબ્ધ કરાવવામા આવી હતી જેમા આયુષ્માન કાર્ડ, નેશનલ પેન્શન સ્કીમ, ઈશ્રમકાર્ડ , મેડીકલ વીમો, પેન્શન માટે હયાતી નો દાખલો, ખેડૂત ની વેરિફિકેશન આધાર, ખેડૂત નોંધણી સહિત ગણીબધી સેવાઓ યોજનાઓ ઉપલબ્ધ કરાવવામા આવી હતી તો રમતોત્સવ માં બાળકો મોબાઈલ ઉપર ની ગેમો રમતો છોડીને વિસરાયેલી રમતો મા ભાગ લઈ આનંદ વ્યક્ત કર્યો હતો તો આ પ્રસંગે સમાજ ના પ્રમુખ ભાવેશ ભાઈ મોદી , ઉપપ્રમુખ અરવિંદભાઈ મોદી, મંત્રી હિતેશભાઈ મોદી, પદાધિકારીઓ , કારોબારી સભ્યો સમાજ ના આગેવાનો સહિત સમાજ ના ભાઈબહેનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા તો સમગ્ર કાર્યક્રમ નુ સફર સંચાલન બ્રિજેશ ભાઈ મોદી દ્વારા કરવામા આવ્યુ હતુ.

## પ્રાંતિજના નવા બાકરપુર પ્રાથમિક શાળા ખાતે શાળાના જન્મ દિવસની ઉજવણી કરવામા આવી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના નવા બાકરપુર ખાતે આવેલ નવા બાકરપુર પ્રાથમિક શાળા ખાતે શાળાનો ૫૬ માં જન્મ દિવસ ને લઈ ને કેક કાપીને ધામધુમથી ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ ના નવા બાકરપુર ખાતે આવેલ નવા બાકરપુર પ્રાથમિક શાળાના ૫૬ મા જન્મ દિવસ ની ઉજવણી શાળા પરિવાર દ્વારા ધામધૂમ થી ઉજવણી કરવામા આવી હતી જેમા આવેલ મહેમાનોનુ સ્વાગત બાદ કેક કાપી ઉજવણી કરવામા આવી હતી તો શાળાના વિધાર્થીઓને ભોજન જમાડવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે જુથ મંત્રી કિશનસિંહ પરમાર , સીઆરસી પિયુશભાઈ તથા ઉર્મેશભાઈ પટેલ , એસએમસી ના શિ.વિદ ભગાભાઈ પટેલ , એસએમસી સભ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તો શાળાના આચાર્ય તપેન્દ્રભાઈ મંગળદાસ રાવલ તથા શિક્ષિકા હિનાબેન દ્વારા ૫૬ મા જન્મ દિવસ ને લઈ ને સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

## અરવલ્લી : દારૂના વેચાણમાં બમણો નફો ગ્રામ્ય વિસ્તારમાં લબરમૂછિયા બુટલેગરો ફૂટી નીકળ્યા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડી રહ્યા છે અમદાવાદ નવરંગપુરા વિસ્તારમાં પોલીસ ચોકીમાં ટ્રાફિક પોલીસ અને ત્રણ ટીઆરબી જવાન દારૂની મહેફિલ જમાવતા દારૂબંધીના ધજાગરા ઉડી ગયા છે રાજયમાં વિદેશી દારૂનો બેફામ વેપલો થઈ રહ્યો છે અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને આવેલી આંતરરાજ્ય સરહદોના ગ્રામ્ય વિસ્તરોમાં વિદેશી દારૂનું કટીંગ અને ધૂમ વેપલો થઈ રહ્યો છે દારૂબંધીના પગલે વિદેશી દારૂના વેપલામાં ત્રણ ગણો નફો હોવાથી અનેક લબરમૂછિયા યુવાનો બુટલેગરો બની ગયા છે મોડાસા રૂરલ પોલીસે સાયરા છાપરા નજીક અપાચે બાઈક પર દારૂની ખેપ મારતા ખડોદાના બે લબરમૂછિયા બુટલેગરોને ઝડપી લીધા છે જીલ્લા ન્ઝમ પોલીસે પેલેટ ચોકડી નજીક જ્યુપીટર મોપેડમાં દારૂની ખેપ નિષ્ફળ બનાવી કુડોલ ઘાંટાના બુટલેગરને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. મોડાસા ગ્રામ્ય પીએસઆઈ સી.એફ.રાઠોડ અને તેમની ટીમે સાયરા છાપરા નજીકથી બાતમીના આધારે રાજસ્થાનમાંથી વિદેશી દારૂ ભરી અપાચે બાઈક પર પસાર થતા જીજ્ઞેશ રજુ મકવાણા અને અલ્પેશ રણજીતસિંહ પરમાર (બંને,રહે, ખડોદા) ને ઝડપી પાડી વિદેશી દારૂના ક્વાંટરીયા નંગ-૨૨૨ કીં.રૂ.૩૩૩૦૦/- , મોબાઈલ અને બાઈક મળી રૂ.૮૩ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી દારૂની હેરાફેરીમાં સંડોવયેલ ખડોદાના બુટલેગર રાજુ રણછોડ પરમાર અને રાજસ્થાન ઈટવાના સુરેશ નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ સી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલસીબી ટીમે બાતમીના આધારે જ્યુપિટર પર વિદેશી દારૂની ખેપ મારી રહેલા કુડોલ ઘાંટાના બુટલેગર વનરાજ સોમા કટારાને દબોચી લઈ ૮ હજારની વિદેશી દારૂની ૪૦ બોટલ જપ્ત કરી વિદેશી દારૂ, બે મોબાઈલ અને મોપેડ મળી રૂ.૫૩૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ મંગાવનાર મોડાસા ખલીકપુરના વિશાલ રણજિત ચૌહાણ અને ગણેશપુરના જીગર ઉર્ફે જીગો જેઠાજી ડામોર નામના બંને બુટલેગરો સામે રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# વડાલીમાં વીજળીના કડાકા સાથે દોઢ ઈંચ, વિજયનગર ૧ ઈંચ, ઈડર-પોશીનામાં અડધો ઈંચ વરસાદ

**સાબરકાંઠા-અરવલ્લીમાં મેઘરાજા વરસ્યા, વાતાવરણમાં ઠંડક પ્રસરી : જિલ્લાના અન્ય વિસ્તારોમાં ઝરમરીયો વરસાદ**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગતરાત્રે અસહ્ય બફારા પછી વીજળીના કડાકા-ભડાકા સાથે ત્રણ તાલુકામાં અડધાથી દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો જેના કારણે વાતાવરમાં ઠંડક પ્રસરી હતી. જ્યારે. જિલ્લાના અન્ય વિસ્તારોમાં શનિવાર રાત્રે તેમજ રવિવાર સવારે ઝરમરીયો વરસાદ વરસતાં બફારામાં શેકાતી પ્રજાને રાહત મળી છે. જિલ્લામાં દિવસ દરમ્યાન કાળા વૃાદળો ઘેરાયેલા રહ્યા હતા. વરસાદના કારણે કેટલંક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં પ્રિમોનસુન એકશન પ્લાનના ધજીયા ઉડ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર જૂન મહિનાના પ્રારંભ સાથે પ્રજા અને ખેડુતો વરસાદની ચાતક નજરે રાહ જોઈને બેઠા હતા. દિવસ દરમ્યાન ગરમી પ્રકોપ અને બફારો તેમજ રાત્રે ભયંકર બફાર થી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠ્ઠી હતી. ઠંડક આપતા ઉપકરણો દિવસ-રાત સતત ધમધમતાં રહ્યા છતાં પ્રજાને બફારામાં નહિવત રાહત મળતી હતી. જ્યારે રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી પ્રિમોનસુન એક્ટીવીટીની શરુઆત થઈ હતી. જેથી સાબરકાંઠા-અરવલ્લી સહિત કેટલાંક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસે તેવી હવામાન વિભાગે આગાહી કરી હતી. ગત રાત્રે પૂર્વ-ઉત્તર દિશામાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા પછી વીજળીના ચમકારા શરુ થયા અને સાબરકાંઠાના વડાલી,

**જિલ્લામાં નોંધાયેલ વરસાદ તાલુકો**

| વરસાદ | મીમી) |
|---|---|
| ઈડર | ૧૧ મીમી |
| ખેડબ્રહ્મા | ૦૫ મીમી |
| પોશીના | ૧૦ મીમી |
| વડાલી | ૪૦ મીમી |
| વિજયનગર | ૨૨ મીમી |
| હિંમતનગર | ૦૩ મીમી |

ખેડબ્રહ્મા, પોશીના, ઈડર સહિતના વિસ્તારોમાં પવન અને ગાજવીજ સાથે વરસાદ શરુ થતાં મેહુલિયાના આગમનથી ધરતી પુત્રો અને પ્રજામાં ખુશાલી જોવા મળી. પવન સાથે વરસાદ વરસતાં કેટલાંક વિસ્તારોમાં વીજળી ગાયબ થઈ ગઈ હતી. જ્યારે તલોદ-હરસોલ સહિતના કેટલાંક વિસ્તારોમાં રવિવાર પરોઢે ઝરમરીયો વરસાદ નોંધાયો હતો. ભિલોડાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ઝરમરીયો વરસાદ વરસતાં અરવલ્લીની પ્રજાને પણ બફારામાં રાહત થઈ હતી. જિલ્લામાં પ્રિમોનસુન એક્ટીવીટીના કારણે કેટલાંક તાલુકાઓમાં અડધાથી દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે. પરંતુ ખેડુતોએ વાવણી લાયક વરસાદ વરસ્યા પછી વાવેતર કરવું હિતાવહ છે.

# અરવલ્લી જિલ્લામાં જળબંબાકાર, મોડાસામાં પાલિકાની પ્રી-મોન્સુન પ્લાનિંગ કામગીરીથી પ્રજા પરેશાન

**પ્રી-મોન્સુન પ્લાનિંગ અંતર્ગત ગટર સાફ-સફાઈનું ચુકવણી પણ થઇ જશે તેવી લોકચર્ચા**

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં સોમવારે મેઘરાજા મહેરબાન થતાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો, ત્યારબાદ બપોરના અરસામાં ભારે પવન ફૂંકાયો અને વરસાદ વરસ્યો હતો.

પ્રજાએ વિચાર્યું હતું કે, વરસાદી પાણીમાં ટહેલશું, પણ પાલિકાની પ્રિ-મોન્સુન પ્લાનિંગે ખેલ બગાડ્યોપ!! મોડાસા શહેરના મુખ્ય માર્ગ પર વરસાદી નહીં પરંતુ સ્વચ્છ ગટરના પાણી ફરી વળ્યા હતા દર વર્ષના જેમ આ વર્ષે પણ ગટર સાફ-સફાઈના નામે કોન્ટ્રાક્ટરોએ તાયફા કર્યા કે શું..? મોડાસા શહેરમાં ભાર વરસાદ વરસદતા રસ્તાઓ પર વાહનોની અવર-જવર ધીમી પડી હતી, તો શહેરના વિવિધ

**વરસાદી નહીં પરંતુ ગટરના પાણી ચાર રસ્તા પર ભરાયા**

જિલ્લાના ભિલોડા, માલપુર, મેઘરજ, ધનસુરા અને બાયડ પંથકમાં પણ સાંબેલાધાર વરસાદ થતાં લોકોએ ઠંડકનો અનુભવ કર્યો હતો. ભારે વરસાદથી ખેડૂતોમાં ખુશી પ્રસરી છે, પણ શહેરી વિસ્તારો અને નગર વિસ્તારોમાં પ્રથમ વરસાદ આફત લઈને આવ્યું હોય તેવું લાગ્યું, કારણ કે, સત્તાધિશોની અણઆવડતથી ઠેર-ઠેર પાણી ભરાતા પ્રજા પરેશાન જોવા મળી હતી.

**નગરપાલિકાના પ્રિ મોન્સૂન પ્લાન સામે અનેક સવાલો**

દર વર્ષે ગટર બ્લોક થાય છે પણ કોન્ટ્રાક્ટર્સ સામે કોઈ જ કાર્યવાહી કેમ નથી થતી ? કેટલા વિસ્તારોમાં કેવી રીતે કોન્ટ્રાક્ટર્સ દ્વારા ગટર સાફ-સફાઈ કરાઈ તે પણ શંકા..!!! ગટર સાફ સાફાઈની કામગીરીને કેટલીક જગ્યાના ફોટો બતાવી દઈ કોન્ટ્રાક્ટરોને ઘી-કેળા ? સેનેટરી વિભાગ પણ કોન્ટ્રાક્ટર્સના ઘૂંટણીએ પડી ઘી-કેળામાં મસ્ત હોવાની લોકચર્ચા..

વિસ્તારોમાં લગાવેલા હોર્ડિંગ્સ પણ ધરાશાયી થયા હતા. તો બીજી બાજુ પાલિકાની પ્રી મોન્સુન પ્લાનિંગ કામગીરી પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. ગટરોમાં કચરો સાફ કરવાના દાવાઓ પોકળ સાબિત થયા હતા અને પાલિકાનું સેનેટરી વિભાગ અને તેના અધિકારીઓની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે.

મોડાસાના મુખ્ય ચાર રસ્તાઓ પર વરસાદી નહીં પરંતુ ગટરના પાણીથી ઘૂંટણ સમા પાણી ભરાઈ ગયા હતા, જેને લઈને પાણીમાં કેવી રીતે ચાલવું તે પણ સવાલો ઊઠ્યા હતા. પાલિકાની દેખરેખ હેઠળ સેનેટરી વિભાગે ગટર સાફ-સફાઈ અભિયાન હાથ દર્યું હતું, તેનું ઉત્તમ પરિણામ મોડાસાના મુખ્ય માર્ગો પર જોવા મળતા લોકો આંનિદ થયા!!!

## આઠ વર્ષની યાત્રા પછી ભારત ક્યા મુકામે પહોંચ્યું તે કોંગ્રેસ તેમજ ઔવેશીને ખબર નથી...

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???**

બાયડ તા.૧૩

નૂપુર શર્મા વિવાદ પછી મુસ્લિમ દેશોએ ભારતને લુખ્ખી ચેતવણી આપી એનો સણસણતો જવાબ પણ વિદેશ મંત્રાલય દ્વારા આપી દેવામાં આવ્યો... ઔવેશી અને કેટલાક કોંગ્રેસીઓ તાનમાં આવી ગયા અને બોલવા લાગ્યા હવે ખાડીના દેશો ભારતને બાનમાં લેશે...ખાડીના દેશોને ચીમકી આપીને આનંદ થયો હશે એનાથી ક્યાંય વધુ નબળી માનસિકતા વાળા કેટલાક લોકોને વિશેષ ખુશી થઈ છે તેવું તેમના બયાન ઉપરથી લાગી રહ્યું છે!! ભારતને ઓઈલ આપવાનું બંધ કરી દેશે તો ભારતનું શુ થશે??? મોદીજીની સરકાર નકામયાબ રહી વગેરે વગેરે... પણ, આ લોકોને ભાજપને હલકું ચીતરવામાં જ રસ છે, જાણતા અજાણતાં તેઓ ભારતને હલકું કરી રહ્યા છે... ૫૭ મુસ્લિમ દેશોના ૨૦૦ કરોડ મુસ્લિમો ભારતથી નારાજ થયા... હવે ભારત બિચારું થઈ જશે!! એમને એ ખબર નથી કે એકલા ૧૩૦ કરોડ ભારતીયોના સ્કિલ, રાષ્ટ્રપ્રેમ અને પરિશ્રમ થકી આજે ભારત બહુ મોટા મુકામ ઉપર પહોંચી ગયું છે!! એમા ૧૦૦ કરોડ તો હિંદુઓ છે... આજે આ ૫૭ મુસ્લિમ દેશોને જ નહીં દુનિયાના ૨૦૦ દેશોને ભારત અને ભારતીય લોકો વગર ચાલે તેવું નથી એ આજના વિશ્વની હકીકત છે... ઔવેશીને ખબર નથી કે ખાડીના તમામ ઓઈલ ઉત્પાદક દેશોમાં કુલ વસ્તીના ૨૫ થી ૩૦ ટકા લોકો ભારતીયો છે!!

આ તમામ દેશની સેવાઓ જેવીકે આરોગ્ય, કોમ્યુનિકેશન, પ્રોડક્શન, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ડોકટર, એન્જીનીયર, નર્સ, સ્કિલ વર્કર, અનસ્કિલ વર્કર તમામ સેવાઓમાં ભારતીયો જ છે!! એટલું જ નહિ આ આરબ દેશોમાં ઘઉં, ચોખા, ફળ, શાકભાજી , દૂધ અને તેની પ્રોડકટ, માંસનો ૪૦ થી ૫૦ ટકા પુરવઠો ભારત સપ્લાય કરે છે!! આરબ દેશો ઓઈલ નહી આપે તો?? અરે ના આપે તો આરબ લોકો તેલ પીને ચલાવે... આરબો તેલ ના આપે તો ભારત પણ શા માટે ઘઉં કે ચોખા આપે?? ભારત ઘઉં-ચોખાથી ચલાવી લેશે પણ આરબો તેલ પીને ચલાવી શકશે?? અમે પણ ખાવાનું પણ નહીં આપીએ!! પણ એવી લુખ્ખી ધમકી આપવાની બંધ કરો... કોઈને પણ એકબીજા વગર ચાલવાનું નથી... ભારત જોડે અનેક રસ્તાઓ છે... ૮ વર્ષ મોદીજીના શાસનને થયા, બીજા ૮ વર્ષ થશે એટલામાં પેટ્રોલ-ડિઝલનો વિકલ્પ ભારત જોડે હશે!! વીજળી, સોલાર, બેટરી, ઈથેનોલ, હાઈડ્રો ફ્યુલ કે અન્ય વિકલ્પવાળી ગાડીઓ ભારતમાં દોડતી હશે....

ફાર્મા, સ્પેસ, કૃષિ ઉત્પાદન, સ્પેસ ટેકનોલોજી, સોફ્ટવેર, લશકરી તાકાતમાં ભારતને અત્યારે પણ કોઈ પડકારી શકે તેમ નથી... આવનાર સમયમાં સૈન્યના હથિયાર હોય કે ઓટો ઈન્ડસ્ટ્રીઝ હોય દરેકમાં ભારત ટોપ ઉપર પહોંચેલું હશે.... આજેય ભારત એ લેવલ ઉપર તો છે જ કે તેને દુનિયાની જેટલી જરૂર છે તેનાથી ક્યાંય વધુ દુનિયાને ભારતની જરૂર છે!! ભારત પાસે દુનિયાનું સૌથી વધુ બૌદ્ધિક યુવાધન છે તો વિશ્વનું સૌથી મોટું ખરીદી વેચાણનું બજાર પણ છે!! ભારત દરેક ક્ષેત્રમાં સ્વાવલંબી થવાની દિશામાં છે... એટલે ભારત શા માટે દુનિયાથી ડરે? ઔવેશી સાહેબ તમે ડરપોક છો તમને માત્ર ગાળો આપતા જ આવડે છે , જ્યારે તમે પણ લિમિટ ક્રોસ કરશો એટલે તમારા હાલ પણ એજ થવાના છે જે હાલમાં ઉત્તરપ્રદેશમાં પથ્થરબાજોના થઈ રહ્યા છે... મોદીજી આ તમામ ક્ષેત્રમાં પોતાની રીતે કાર્યરત છે પરંતુ આ વાતો અત્યારે કૌશમાં છે, કૌશ ખુલ્લો થયો એટલે સમજી લ્યો કે ભારતને કોઈ રોકી નહિ શકે... ભારતને નીચું જોવું પડશે, ભારતની આબરૂ ગઈ તેવા રોદડા રડવા સિવાય તમને બીજું કંઈ ખબર નથી , નહિ તો તમે આરબ દેશનો ડર ભારતને ના બતાવત!! આરબ દેશો ઓઈલ પીને દિવસો કાઢે, સુખી રહે.... અમે ભારતીયો દાળ રોટી, દૂધ સબ્જી ખાઈને પણ જીવી શકીશું સમજ્યા ઔવેશી સાહેબ...?

# પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા મેઘરાજા ની ધમાકેદાર એન્ટ્રી થતા ખેડૂતો નગરજનો સહિત તાલુકાના લોકોમા ખુશી જોવા મળી હતી તો નીચાણ વાળા વિસ્તારો મા પાણી ભરાયા હતા

ગુજરાત સહિત જિલ્લાઓમા ચોમાસુ બેસી ગયુ છે ત્યારે સાબરકાંઠા મા પણ છેલ્લા બે દિવસ થી મેઘરાજા ની એન્ટ્રી જોવા મળી રહી છે ત્યારે પ્રાંતિજ સહિત તાલુકામા મોસમનો પહેલો વરસાદ ગાજવીજ તેજ પવન સાથે મોટા ફોરે ધમાકેદાર એન્ટ્રી જોવા મળી હતી તો વરસાદ પડતા ધરતી પુત્રો સહિત નગરજનો તથા તાલુકાના લોકોમા ખુશી જોવા મળી હતી તો અસહ્ય ગરમી ઉકળાટ બાદ તેજ પવન સાથે મેઘરાજા નુ આગમન થતા અસહ્ય ગરમી થી લોકો ને રાહત થઈ હતી અને વાતાવરણ મા પણ ઠંડક પ્રસરીજવા પામી હતી તો માત્ર અડધો ઈંચ વરસાદ ને લઈ ને પ્રાંતિજ ની હરીઓમ પાર્ક સોસાયટી , પાંચ બંગલા સોસાયટી સહિત નીચાણ વાળા વિસ્તારો મા વરસાદી પાણી ભરાઈ જતા પ્રાંતિજ પાલિકા ની પ્રીમોન્શુન ની કામગીરી ની પોલ પણ મોસમ ના પહેલા વરસાદે ખુલ્લી પાડી હતી.

## સાબરકાંઠાના દેધરોટા ખાતે મહિલાઓને ઘરેલુ હિંસા અધિનિયમ અંગે માર્ગદર્શન સેમીનાર યોજાયો

બાયડ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાની મહિલાઓને ઘરેલુ હિંસા આધિનિયમ ૨૦૦૫ થી અવગત

કરાવવા માટે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, હિંમતનગર દ્વારા ઘરેલુ હિંસાથી રક્ષણ આપતો અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન સેમીનાર હિંમતનગરના ધારેશ્વર મંદિર હોલ,દેધરોટા ખાતે યોજવામાં આવ્યો હતો. ભારત દેશનું બંધારણ સ્ત્રીને સ્વતંત્ર તેમજ શાંતિપૂર્ણ રીતે જીવવાનો હક આપે છે. આ હક્કોના રક્ષણ માટે વિવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા છે. આવો જ એક કાયદો ઘરેલુ હિંસા અટકાવવા માટે સરકારે 'ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫'' ને લાગુ કર્યો છે.ઘરેલુ હિંસા એટલે ઘરની જ વ્યક્તિ દ્વારા ઘરની મહિલા પર શારીરિક હિંસા, માનસિક, શાબ્દિક કે ભાવનાત્મક હિંસા અને આર્થિક હિંસાનો સમાવેશ થાય છે. આ સેમીનારમાં લીગલ કમ પ્રોબેશન ઓફિસર શ્રી.એસ.આર.કેવટભાઈ દ્વારા ઘરેલુ હિંસાથી મહિલાઓને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૦૫ ની કાયદાકીય જોગવાઈઓ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.તેમજ દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી દ્વારા જાતીય સતામણી (ફરિયાદોનું નિવારણ રક્ષણ તેમજ સુધારણા)અધિનિયમ-૨૦૧૩ની સંક્ષિપ્તમાં માહિતી આપવામાં આવી હતી. આ સેમીનારમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, વિધવા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના, વ્હાલી દિકરી યોજના, સ્વાવલંબન યોજના, પોલીસ બેઈઝ્ડ સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧અભયમ, નારીકેન્દ્ર, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર વગેરે યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી ફિલ્ડ ઓફિસરશ્રી તેમજ યોજનાકીય સ્ટાફ દ્વારા આપવામાં આવી હતી. આ સેમીનારમાં ડેપ્યુટી સરપંચ દેધરોટા શ્રીમતિ નિલમકુંવરબા, પંચયાત સદસ્ય સરોજબેન પટેલ, સ્કાય યુનિસેફ જિલ્લા કોર્ડિનેટર શ્રીદિપકભાઈ પુરોહિત તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતી.

# ડીસામાં વેદનાથી કણસતી ગાયને સારવાર અર્થે ખસેડાઈ

ડીસા.તા. ૧૩

બનાસકાંઠા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં અબોલ જીવો ઉપર નરાધમો દ્વારા અત્યાચાર ગુજારવામાં આવી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં પણ કેટલીક વખત અબોલ જીવો ઉપર કરાયેલ અત્યાચારના કિસ્સાઓ માં અબોલ જીવો મરવાના વાંકે જીવતા હોય છે ત્યારે કેટલીક વખત અબોલ પશુઓની માવજત અને સેવા માટે ગૌસેવકો દ્વારા અત્યાચારની વેદનાથી કણસતા પશુઓને બચાવી સારવાર અર્થે પાંજરાપોળ ખાતે લઈ જવામાં આવે છે. ડીસા શહેરમાં આવેલા રાજપુર લોધા વાસમાં ?છેલ્લા ચારેક દિવસથી એક ગાય કે જેના પગે ફ્રેકચર થયું હતું જેના કારણે તે દિવસ-રાત દુઃખી થઈ રહી હતી. ત્યારે જાગૃત નાગરિકો અને ગૌ સેવકો દ્વારા ગાયની સારવાર અર્થે પશુ એમ્બ્યુલન્સ ચાલક મગસીભાઈ દેસાઈને બોલાવી ગાયને પાટાપિંડી જરૂરી પ્રાથમિક સારવાર કરાવી હતી અને બાદમાં રાજપુર પાંજરાપોળ ખાતે લઈ જવામાં આવી હતી.